# તમારા મિત્રો અને પરિવાર સાથે

# કોવિડ-૧૯ રસી

## વિશે કેવી રીતે વાત કરવી જેથી આપણે બધા આપણા સમુદાયોમાં કોવિડ -૧૯ પ્રતિરક્ષામાં ફાળો આપી શકીએ.

તમને કોવિડ-૧૯ રસીઓ વિશે ઘણા બધા પ્રશ્નો મળતા હશે. તમારા જીવનમાંના લોકોને વિશ્વસનીય માહિતી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે, શું કહેવું  તે માટેની અમારી શ્રેષ્ઠ ટિપ્સ છે.

### રસીઓ જીવન બચાવે છે અને આપણા સમુદાયોનું રક્ષણ કરે છે

કોવિડ-૧૯ ના રસીઓ જીવન બચાવી રહ્યા છે. રસીઓ રસી મેળવતા લોકોની રક્ષા કરતા વધારે કરે છે, તેઓ આસપાસના દરેક ને પણ સુરક્ષિત રાખે છે.

જેમ વધારે લોકો કોય સમુદાયમાં રસીકરણ કરી અને કોવિડ-૧૯ થી સુરક્ષિત રહે છે, તો કોવિડ-૧૯ માટે ફેલાવવું મુશ્કેલ થાય છે.

### કોવિડ-૧૯ રસી સલામત છે

વિશ્વ ભરની જાહેર આરોગ્ય એજન્સીઓ, જેમ કે હેલ્થ કેનેડા, તેમજ આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનીક સમુદાય, નિષ્કર્ષ પર આવ્યા છે કે માન્ય કોવિડ-૧૯ રસીઓ સુરક્ષિત છે, જેમાં શામેલ છે જેઓ સગર્ભા, ગર્ભવતી થવાનું વિચારી રહ્યા હો અથવા સ્તનપાન કરાવતાં હો.

જો તમારે કોઇ પ્રશ્નો હોય અને ગર્ભવતી છો, અથવા સ્તનપાન કરાવતાં હો, તો તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરો.

ભલે રસીઓ અત્યાર લગી બનેલા થી ઓછા સમયે વિકસિત કરવામાં આવી હતી - એક વિશાળ વૈશ્વિક પ્રયત્નો અને પાછલા કોરોનાવાયરસ સંશોધન માટે આભાર - તેઓ અગાઉના રસીના મંજૂરી માટે જેવા સમાન પગલાઓમાંથી પસાર થયા હતા.

વિશ્વભરના લાખો લોકોને સલામત રસી આપવામાં આવી ચૂક્યા છે. આ રસીઓ કોવિડ-૧૯ થી ચેપ લાગવા કરતા વધુ સુરક્ષિત છે.

### રસી કેવી રીતે મેળવવી?

બ્રિટિશ કોલંબિયામાં ૧૨ અને તેથી વધુ ઉંમરના દરેકને રસી ઉપલબ્ધ છે. પાત્રતા વિશેની સૂચનાઓ અને માહિતી gov.bc.ca/getvaccinated પર ઉપલબ્ધ છે.

### તમારી રસી માટે હમણાં નોંધણી કરો અથવા તમારા સ્થાનિક રસીકરણ ક્લિનિકમાં જાઓ

**પગલું ૧: નોંધણી કરો**

ઓનલાઇન નોંધણી કરો (getvanccinated.gov.bc.ca) ફોન દ્વારા (૧-૮૩૩-૮૩૮-૨૩૨૩) અથવા વ્યક્તિગત રૂપે બધી સર્વિસ બી.સી. કચેરીઓમાં. તમારો પુષ્ટિકરણ નંબર સાચવજો, તમારે પછીથી તેની જરૂર પડશે.

**પગલું ૨: એપોઇન્ટમેન્ટ બુક કરો**

જ્યારે તમે રસી માટે બુક કરવા પાત્ર બનો ત્યારે તમને સંપર્ક કરવામાં આવશે.

**પગલું: ૩ રસી લો**

તમારી સુનિશ્ચિત નિયોજીતની થોડી મિનિટ પહેલાં પહોંચો; ટૂંકી બાંય શર્ટ અને માસ્ક પહેરો. ક્લિનિકમાં તમે ચેક-ઇન પ્રક્રિયા પૂર્ણ કરી શકશો, તમારી રસી મેળવો અને નિરીક્ષણ ક્ષેત્રમાં આશરે ૧૫ મિનિટ રાહ જુઓ. જ્યારે તમે તમારી બીજી માત્રા બુક કરવા પાત્ર હો ત્યારે તમને સૂચિત કરવામાં આવશે.

**વોક-ઇન્સનું સ્વાગત છે**

જો તમે પસંદ કરો, તો તમે તમારા પ્રથમ અથવા બીજા રસીના ડોઝ માટે રસી ક્લિનિકમાં પણ જઈ શકો છો. સ્થાનોની સૂચિ માટે gov.bc.ca/vaxforbc પર જાઓ.

### કોવિડ-૧૯ સલામતી એક અગ્રતા રહે છે

જાહેર આરોગ્ય આદેશો, પ્રાદેશિક ભલામણોનું પાલન કરવાનું ચાલુ રાખો અને સારા કોવિડ-૧૯ વ્યવહારનો અભ્યાસ જેમ કે તમારા હાથ ધોવા, પરીક્ષણ કરાવવા અને બીમાર હોય ત્યારે ઘરે રહેવું. જ્યાં સુધી તમને સંપૂર્ણ રસી આપવામાં ન આવે ત્યાં સુધી સાર્વજનિક અંદરની જગ્યાઓમાં માસ્ક પહેરો.

### માહિતગાર રહો

**બી.સી. ની કોવિડ-૧૯ રસીકરણ યોજના વિશેની તથ્યો અને ફ્રેઝર હેલ્થ, બ્રિટીશ કોલમ્બિયા પ્રાંત અને બીસીસીડીસી જેવા વિશ્વસનીય સ્ત્રોતોથી રસી સલામતી મેળવો.**

bccdc.ca

fraserhealth
Better health. Best in health care.

BC Centre for Disease Control
Provincial Health Services Authority

કોપીરાઇટ ૨૦૨૧
છેલ્લે અપડેટ કર્યું: ૨૦ ઓગસ્ટ, ૨૦૨૧
Sources: BCCDC, ImmunizeBC, Health Canada, CDC and WHO.

[Gujarati]